# Dr. Babasaheb Ambedkar Open University
## Term End Examination February – 2026

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Course** | : | BSW | **Date** | : | **18-Feb-26** |
| **Subject Code** | : | BSWR-401 | **Time** | : | **03:00pm to 05:15pm** |
| **Subject Name** | : | **સમાજકાર્ય સંશોધન અને આંકડાશાસ્ત્ર** | **Duration**<br>**Max. Marks** | :<br>: | **02.15 Hours**<br>**70** |

Section A

**નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો (કોઈ પણ ત્રણ)** (30)

1) વિજ્ઞાનના લક્ષણો અંગે સવિસ્તાર સમજૂતી આપો

2) સંશોધકની લાક્ષણીકતાઓ અંગે સવિસ્તાર સમજૂતી આપો.

3) સામાજિક સંશોધનનું મહત્વ સવિસ્તાર સમજાવો

4) સમાજકાર્ય સંશોધનના લક્ષણો વિગતે સમજાવો

5) સંશોધનમાં ઉપ્કલ્પનાની રચના અને પ્રકાર અંગે સવિસ્તાર સમજૂતી આપો

Section B

**નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો (કોઈ પણ ચાર)** (20)

1) સામાજિક સંશોધનનો અર્થ અને મહત્વ ટૂંકમાં સમજાવો

2) ખ્યાલના લક્ષણો અંગે ટૂંકમાં સમજાવો

3) સમાજકાર્ય સંશોધનની વ્યાખ્યા અને વિભાવના (અર્થ) સ્પષ્ટ કરો

4)સંશોધન સમસ્યા પસંદગીના નિર્દેશકો ટૂંકમાં લખો

5) સંદર્ભ સાહિત્યના સ્ત્રોતો અંગે ટૂંકમાં લખો

6) સંશોધનમાં નમુના પસંદગીના પ્રકારોનો માત્ર ઉલ્લેખ કરો

Section C (10)

Part – A (Multiple Choice Questions)

1) વિજ્ઞાનને જોઈ શકાતું નથી તે કયા સિદ્ધાંતનો નિર્દેશ કરે છે?

A વિજ્ઞાન અમૂર્ત છે
B વિજ્ઞાન એક વ્યવસ્થા છે.
C વિજ્ઞાન હકીકતલક્ષી છે.
D વિજ્ઞાન જાહેર બાબત છે.

2) વિજ્ઞાનના લક્ષણો કેટલા છે?

A 4
B 12
C 14
D 10

3) "વિશાળ અર્થમાં વૈજ્ઞાનિક પદ્ધતિમાં પદ્ધતિસરનું નિરીક્ષણ ,વર્ગીકરણ અને માહિતીના અર્થઘટનની પ્રક્રિયાને વૈજ્ઞાનિક પદ્ધતિ કહે છે– ". આ વ્યાખ્યા કોણે આપી છે ?

A લુન્ડબર્ગ
B કીમ્બોલ યંગ
C એ.વુલ્ફ
D એન્સાઇક્લોપીડીયા ઓફ બ્રિટાનિક

4) કોઈપણ વૈજ્ઞાનિક સંશોધનની શરૂઆત શેનાથી થાય છે ?

A જીજ્ઞાસા
B જ્ઞાન
C ખ્યાલ
D ઉપરોક્ત તમામ

5) સંશોધનમાં કઈ વૃત્તિ જરૂરી છે ?

A જીજ્ઞાસાવૃત્તિ
B રચનાત્મકવૃત્તિ
C જ્ઞાનવૃત્તિ
D ઉપરોક્ત તમામ

6) એકસાથે રહેવાવાળા વ્યક્તિઓના જીવનમાં થતી ક્રિયા-પ્રતિક્રિયાનું અન્વેષણને શું કહે છે ?

A સામાજિક ઘટના
B સામાજિક હકીકતો
C સામાજિક સંશોધન
D સામાજિક સમસ્યાઓ

7) એકત્ર કરેલ માહિતીનું તાર્કિક રીતે શું થવું જરૂરી છે ?

A સંશોધન
B વિશ્લેષણ
C પૃથ્થકરણ
D અર્થઘટન

8) સામાજિક સંશોધન પદ્ધતિ એ સમાજકાર્યની કઈ પદ્ધતિ છે ?

A જૂથકાર્ય
B ગૌણ
C મુખ્ય
D ઉપરોક્ત તમામ

9) સમાજકાર્યના જ્ઞાનમાં વધારો કરવા માટે અને જ્ઞાનને વિકસાવવા માટે શેનું યોગદાન ખૂબ અગત્યનું છે ?

A સામાજિક સમસ્યા
B સમાજકાર્ય સંશોધન
C સમાજકાર્ય ક્ષેત્ર
D સમાજકાર્ય પદ્ધતિ

10) સંશોધનમાં કાર્યપદ્ધતિ વિભાગમાં કયા મુદ્દાનો સમાવેશ થાય છે ?

A અભ્યાસનું વ્યાપ વિશ્વ B નમુના પસંદગી

C ઉપકરણની રચના D ઉપરોક્ત તમામ

Part – B (Do as Directed)

**નીચે આપેલ વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો** (10)

1) વિજ્ઞાનનો મુખ્ય હેતુ વ્યવસ્થિત જ્ઞાન પ્રાપ્ત કરવો છે .

2) વૈજ્ઞાનિક પદ્ધતિ કલ્પનાત્મક માહિતી પર આધારિત હોય છે .

3) સામાજિક સંશોધનનો હેતુ સામાજિક સમસ્યાઓનું વૈજ્ઞાનિક અધ્યયન કરવો છે .

4) સમાજકાર્ય સંશોધન માત્ર સિધ્ધાંત પૂરતું જ મર્યાદિત રહે છે .

5) સંશોધન સમસ્યા સ્પષ્ટ અને સંશોધનીય હોવી જોઈએ .

6) નમૂના પસંદગીમાં સમગ્ર વસતિનો સમાવેશ કરવો ફરજિયાત છે .

7) માહિતી એકત્રીકરણ માટે પ્રશ્નાવલી અને ઇન્ટરવ્યુ પદ્ધતિ વપરાય છે .

8) આંકડાશાસ્ત્રનો ઉપયોગ માહિતીનું વિશ્લેષણ કરવા માટે થાય છે .

9) પ્રાથમિક માહિતી સીધી સંશોધક દ્વારા એકત્રિત થાય છે .

10) સંશોધન યોજના સંશોધનને માર્ગદર્શન આપે છે .

*******